ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૪.૭ ડીગ્રી
લઘુતમ : ૨૨.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૫૬ ટકા

ગાંધીનગર તાપમાન

# શહેરમાં દવાની દુકાનો જડબેસલાક બંધ









ગાંધીનગર, તા.૨૮

ઓનલાઈન ફાર્મસીઓને કારણે રીટેઈલ કેમીસ્ટોને ધંધામાં અનહદ નુકશાન થતુ હોવાના કારણે આજે દેશભરના કેમિસ્ટોએ દુકાનો બંધ રાખી વિરોધ નોંધાવ્યો હતો. ફિલપકાર્ટ તથા વોલમાર્ટ જેવી કંપનીઓને ઓનલાઈન સસ્તા ભાવે માલ વેચવાનું ચાલુ કરતા ગુજરાત અને દેશભરના વેપાર ઉદ્યોગોને તોડવાની શરુ કરેલી પ્રવૃતિ સામે ગાંધીનગર જિલ્લાના ૨૦૦ થી વધુ મેડીકલ ધારકોએ સજ્જડ બંધ પાડી વિરોધ પ્રદર્શીત કર્યો હતો. જયારે દવાની દુકાનો બંધ હોવાથી દર્દીઓને પારાવાર હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. મેડીકલ દુકાનો બંધ રહેતા જેનરીક દવાના સ્ટોર પર દવા લેવા માટે નાગરીકોની ભારે ભીડ જામી હતી. જયારે દર્દીઓને ધ્યાને રાખી શહેરના વિવિધ સ્થળો પર ૪ મેડીકલ સ્ટોર ખુલ્લા રાખવામાં આવ્યા હતા. જિલ્લાના તમામ મેડીકલ સ્ટોર બંધ રહેતા અંદાજીત અડધા લાખનું ટર્નઓવર અટકી ગયું હતું.

ઓનલાઈન માલ વેચતી કંપનીઓ પ્રારંભીક તબક્કે સસ્તા ભાવે માલ ડમ્પ કરીને નાના વેપારીઓના ધંધા ખતમ કરી દીધા પછી ભારતના ગ્રાહકો પાસેથી મનસ્વીપણે ભાવ લેવાની ઓનલાઈન કંપનીઓની નિતીથી ત્રસ્ત આજે ગાંધીનગર શહેર-જિલ્લામાં ૨૦૦ થી વધુ મેડીકલ સ્ટોરધારકો હડતાલ પર ઉતર્યા હતા. આર્થિક તાકાત ધરાવતા વિદેશી રીટેઈલર્સ સામે ભારત-ગુજરાતના વેપારીઓને રક્ષણ આપવાની નિતી તૈયાર કરવાની માંગણી પણ તેમના દ્વારા કરાઈ છે. ગાંધીનગર શહેરમાં દવાની દુકાનના સજ્જડ બંધને પગલે દવા ખરીદી માટે નાગરીકો એક સ્થળેથી બીજા સ્થળે દોડ લગાવતા નજરે પડ્યા હતા. જયારે શહેરના માત્ર ૪ મેડીકલ સ્ટોર દર્દીઓના હિતને ધ્યાને રાખીને એસોસિએશન દ્વારા ખુલ્લા રાખવામાં આવ્યા હતા. જયારે નાગરીકોનો જેનરીક દવાના સ્ટોર પર ભારે ધસારો રહ્યો હતો, જયારે જે દવા મળી તેનાથી આજે નાગરીકોએ રાહત મેળવી હતી. દવાના દુકાનો બંધ રહેતા અડધા લાખ ઉપરાંતનું ટર્ન ઓવર અટકી ગયું હતું. જયારે ખુલ્લી રહેલી દવાની દુકાનમાં તમામ દર્દીઓને જરુરી દવા સરળતાથી મળી રહી હતી.

## આજે જિલ્લાના તલાટીઓ માસ સીએલ પર ઉતરશે પડતર પ્રશ્નનો ઉકેલ ના આવતા કર્મચારીઓમાં રોષ

ગાંધીનગર, તા.૨૮

છેલ્લા કેટલાક સમયથી તલાટી કમ મંત્રીઓના પડતર પ્રશ્નોનો આજ દિન સુધી ઉકેલ આવ્યો નથી. જેને પગલે તલાટીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે. પગાર વધારો અને બઢતી આ બે મુખ્ય પ્રશ્ન તલાટીઓના છે. તલાટી મહામંડળ દ્વારા અનેકવાર રજુઆત કરવા છતા તંત્ર દ્વારા કોઈ હકારાત્મક નિર્ણય ન આવતા તલાટી મહામંડળ દ્વારા તા. ૨૯-૯-૧૮ ના રોજ તાલુકા પંચાયત કચેરી ખાતે તમામ તલાટી કમ મંત્રી એકત્રિત થશે અને માસ સીએલ પર ઉતરી જશે. તલાટી કમ મંત્રીઓ સવારે ૧૦.૩૦ થી ૬.૧૦ સુધી સફેદ શર્ટ અને બ્લેક પેન્ટ પહેરી ડ્રેસ કોડ સાથે વિરોધ નોંધાવશે. ગાંધીનગર જિલ્લાના કલોલ, માણસા, દહેગામ અને ગાંધીનગરના તલાટી કમ મંત્રીઓ મોટી સંખ્યામાં હાજર રહેશે.

## સે-૨ના બંધ મકાનમાં ચોરી

શહેરના સેકટર-૨ના બંધ મકાનના તાળા તોડી તસ્કરો અંદાજે રૂ. ૧૫ હજારનો મુદ્દામાલ ચોરી ગયા હતા. આ મામલે સેકટર-૭માં પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત વિગત મુજબ શહેરના સે-૨-એના રહેણાંક મકાનમાં રાજ બીપીનચંદ્ર પટેલ પોતાની માતા સાથે રહે છે. રાજ પટેલ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરે છે. થોડા દિવસો અગાઉ રાજ અને તેમની માતા ઘરને તાળુ મારી ઘાટલોડીયા સ્થિત રાજ પટેલના મોટાભાઈના ઘરે ગયા હતા. મકાન બંધ હાલતમાં હોવાથી ગત રોજ તસ્કરોએ ઘરને નિશાન બનાવ્યું હતું અને મકાનના દરવાજાના તાળા તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને મકાનમાંથી રૂ. ૧૦ હજાર રોકડા તથા રૂ. ૫ હજારની કિંમતની ત્રણ જોડ બુટ્ટીઓ મળી રૂ. ૧૫૦૦૦ના મુદ્દામાલની ચોરી કરી ગયા હતા. આ ચોરી અંગે પડોશીઓને જાણ થતા મકાન માલિકને જાણ કરી હતી. આ મામલે પોલીસે ગુન્હો નોંધી વધુ કાર્યવાહી શરુ કરી છે.

## શહેરમાં ગરબા પ્રેમીઓની તડામાર તૈયારીઓ

ગાંધીનગર, તા.૨૮

નવલી નવરાતને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે શહેરના ગરબા કલાસીસમાં ગરબા શીખવા માટે ગરબા પ્રેમીઓ મોડી રાત સુધી પ્રેકટીસ કરી રહ્યા છે. જયારે યુવાવર્ગ ગરબા કલાસમાં વિવિધ ગરબા અને સોંગ પર ગરબો ઘુમવા અત્યારથી થનગની રહ્યા છે. નવ દિવસ ગણતરીના કલાકો માટે ગરબે ઘુમવા માટે યુવાવર્ગ મહિનાઓથી પ્રેકટીસ કરી પસીનો વહાવી રહ્યું છે.તો બીજી તરફ નવરાત્રીને લઈ હજ્જારો રૂપીયા ખર્ચ કરતા પણ અચકાતા નથી. આ વર્ષે ગરબા ગ્રાઉન્ડમાં ગરબા પ્રેમીઓ દોઢીયુ, પોપટીયું, કાઠીયાવાડી, હુડો, તળપદા, રાજસ્થાની નૃત્ય, વિલંબીત રાસ, હીંચ, ફ્રી સ્ટાઈલ, સહિત અવનવા સ્ટેપ્સ શીખી નવરાત્રીમાં ધુમ મચાવવા યુવાધન તડામાર તૈયારી કરી રહ્યું છે. શહેરમાં અત્યારથી જ નવરાત્રી જેવો માહોલ જામે છે. શહેરના સેકટરોમાં ગરબા કલાસીસ શરુ થઈ ગયા છે. નાના બાળકથી લઈને મોટી વયના મહિલાઓ પણ અવનવા સ્ટેપ્સ સાથે ગરબે ઘુમતા નજરે પડશે. જયારે યુવાવર્ગમાં થાનગઢના ડ્રેસ હોટ ફેવરીટ છે તો બીજી તરફ શહેરના યુવાનોએએ રૂ.૩૦ હજારથી પણ વધુ રૂપીયાના ડ્રેસ તૈયાર કર્યા છે. જયારે બહેનોમાં કચ્છી ડ્રેસની બોલબાલા વધુ જોવા મળી રહી છે. જયારે આ વર્ષે નવરાત્રીમાં ઘુમરના ડાન્સ સાથે સાથે કમરીયા.. છોગાળા..અને રંગતાળીના તાલે યુવાવર્ગ ગરબે ઘુમશે તો બીજી તરફ કેટલાક ગરબા સંચાલકોએ બોલીવુડના ગીતો પર ખાસ કોરીયોગ્રાફી કરીને ગરબાના સ્ટેપ્સ તૈયાર કર્યા છે. ત્યારે નવરાત્રીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે માતાજીની ભકિત સાથે ગરબા ગ્રાઉન્ડમાં છવાઈ જવા માટે ખેલૈયાઓ તડામાર તૈયારીઓ કરી રહ્યા છે.

## રૂપાલ પલ્લી મેળામાં દુકાન ફાળવવા ૧૧મી ઓકટોબરે હરાજી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર તાલુકાના રૂપાલ ખાતે સુપ્રસિધ્ધ વરદાયીની માતાજીનો પલ્લી મેળો આગામી તા. ૧૮મી ઓકટોબર ગુરુવારે યોજાશે. આ મેળામાં દુકાનો કરવા માટે રૂપાલ ગ્રામ પંચાયત દ્વારા પ્લોટ ફાળવવામાં આવે છે. આ વર્ષે પણ પ્લોટોનું વેચાણ જાહેર હરાજી દ્વારા કરવાનું હોવાથી તા. ૧૧મી ઓકટોબર ગુરુવારે સવારે ૧૦ વાગે હરાજી યોજવામાં આવી છે. આ હરાજીમાં પલ્લી મેળામાં દુકાન કરવા ઈચ્છતા નાગરિકો ભાગ લઈ શકે તે માટે રૂપાલ ગ્રામ પંચાયત સરપંચ દ્વારા અખબારી યાદી પ્રસિધ્ધ કરવામાં આવી છે.

## એનઆઈસીએમ કેમ્પસ ખાતે ફ્રેશર્સ પાર્ટી યોજાઈ



કૉલેજ કેમ્પસ ખાતે આ નવ વર્ષે પોતાની કારકિર્દીનું મહત્વપૂર્ણ પાસું એટલે કે માસ્ટર લેવલની ડિગ્રી એમબીએમાં બે વર્ષ સુધીનું શિક્ષણ લેવા હેતુસર જે વિદ્યાર્થીઓએ એડમીશન લીધું તેઓને આવકારતો એક રંગારંગ ભવ્યાતિભવ્ય સુંદર મજાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ડાન્સ, સીગીંગ, ફેશન શો, મીમીક્રી, સામાજીક પ્રેરણાત્મક નાટક કરવાની સાથો સાથ યુવાધન મોડી રાત સુધી મન મુકીને ડી.જે ના તાલે થનગનાટ કરી હિલોળે ચડયું હતું. આ અવસરે સંસ્થાના તમામ ફેકલ્ટીગણ, કર્મચારીઓ તથા લગભગ બસોથી વધુ વિદ્યાર્થીઓએ મનોરંજનથી ભરપુર સુંદર મજાનાં સ્ટેજ પ્રોગ્રામ આપી ઉપસ્થિત તમામને મંત્રમુગ્ધ કરી દીધાં હતાં.

## જિલ્લામાં ચાર સ્થળોએથી વિદેશી દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર જિલ્લાના જુદા જુદા ચાર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી જુદા જુદા ચાર સ્થળોએ પોલીસે મોટા પાયે દારૂનો જથ્થો ઝડપી પાડયો છે. પોલીસે દારૂના જથ્થા સાથે લાખોનો મુદ્દામાલ પણ જપ્ત કરી સાત જેટલા આરોપીઓને પણ દબોચી લીધા છે. તમામ આરોપીઓ સામે જુદા જુદા પોલીસ મથકમાં ગુન્હો દાખલ કરી તમામને જેલ હવાલે કરવામાં આવ્યા છે.

શહેરના સેકટર-૨૧ પોલીસ મથકની હદમાં આવેલ સે-૩૦ મેઈન શોપીંગ સેન્ટર વિસ્તારમાં એસ.ઓ.જી. પોલીસના કોન્સ્ટેબલ સજ્જાદ હુસેન, મુકેશસિંહ, અણદુસિંહ અને સુરેન્દ્રસિંહ પેટ્રોલિંગમાં હતા દરમિયાન એક શંકાસ્પદ સફેદ રંગની લેન્સર કાર નં. જી ૧ કેબી-૬૮૭૫ને અટકાવી તપાસ કરતા તેમાંથી ૧૧ નંગ પેટી વિદેશી દારૂ કિં. રૂ. ૫૨૮૦૦ના મુદ્દામાલ સાથે બે ઈસમોને ઝડપી પાડયા હતા.

જયારે પેથાપુર પોલીસ મથકની હદમાંથી પોલીસકર્મી બેચરભાઈ જયેન્દ્રસિંહ, ધર્મેન્દ્રસિંહ, નિલેષકુમાર, નીલીનકુમાર, સિધ્ધરાજસિંહ અને વિષ્ણુભાઈને દારૂ ભરેલી કારની બાતમી મળી હતી જે બાતમીના આધારે દારૂ ભરેલી સિલ્વર રંગની કારને ઝડપી પાડી હતી પોલીસે વિદેશી દારૂની ૧૧ નંગ પેટી કિં.રૂ. ૫૨૮૦૦ અને કાર મળી કુલ રૂ. ૨,૫૨૮૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને ત્રણ આરોપી ઈરફાન શેખ, મહંમદ શેખ અને શાહરૂખ રંગરેજને ઝડપી પાડયા હતા.

ડભોડા પોલીસે પણ નાઈટ પેટ્રોલીંગ દરમિયાન લવારપુર પાસે સેવરોલેટ કારમાંથી દારૂ-બિયરની ૧૦ પેટી ઝડપી પાડી હતી. પોલીસે દારૂ સહિતનો રૂ. ૧,૮૧,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ ઉપરાંત ચિલોડા પોલીસના પી.આઈ. એલ.ડી. વાઘેલા સહિતના પોલીસ કર્મીઓએ ચિલોડા સર્કલ પાસેથી બાતમીના આધારે પીકઅપ ડાલામાંથી રૂ. ૧,૦૮,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે બે આરોપીની પણ અટકાયત કરી હતી.

## વિજીલન્સ મામલતદારનો ખોટો હોદ્દો ધારણ કરી રૂપિયા પડાવતો ઠગ એસીબીની ટ્રેપમાં

ગાંધીનગર, તા.૨૮

ખોટી વિજીલન્સ અધિકારીની ઓળખ આપી લોકોને ઠગતા કુડાસણના આ નકલી વિજીલન્સ અધિકારીને લાંચની રકમ સાથે એસીબીની ટીમે છટકું ગોઠવી ઝડપી પાડયો હતો. એસીબીની ટીમે આરોપીને કુડાસણના ગ્રીનપાર્કમાંથી જ ઝડપી પાડયો છે અને જુદા જુદા નકલી આઈ કાર્ડ જપ્ત કર્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ ગાંધીનગર શહેરના કુડાસણ સ્થિત ગ્રીનપાર્ક સોસાયટીમાં રહેતો ચંદ્રકાંત પુરૂષોત્તમભાઈ સોની, મામલતદાર વિજીલન્સ (કરાર આધારિત) ઉત્તર ઝોન ગાંધીનગરનો ખોટો હોદ્દો ધારણ કરી લોકો પાસેથી પૈસા પડાવે છે. અમદાવાદના મકાનમાં ૭/૧૨ના ઉતારામાં નામ ઉમેરવા માટે લાંચની માંગ કરી હતી રૂ. ૩,૫૦,૦૦૦ની લાંચની રકમ પૈકી રૂ. ૫૦,૦૦૦ની લાંચની રકમ સાથે આ ઈસમને એસીબીની ટીમે ઝડપી લીધો હતો. આ ઈસમ પાસેથી મામલતદાર વિજીલન્સ ગુજરાત રાજય, કમિશનર વિજીલન્સ ગુજરાત રાજય અને રવાનગી કારકુન કમિ. વિજીલન્સના સિક્કા અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લખેલી કાર પણ એસીબીએ કબજે કરી હતી.

## સૌરાષ્ટ્ર લુહાર સુથાર મંડળનો ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૮

શ્રી સૌરાષ્ટ્ર લુહાર સુથાર મંડળ ગાંધીનગર દ્વારા આગામી ૩૦મી સપ્ટેમ્બર ૨૦૧૮ને રવિવારના રોજ વિદ્યાર્થીઓ માટે ઈનામ વિતરણ સમારોહ યોજાશે.

સૌરાષ્ટ્ર લુહાર સુથાર મંડળ આયોજીત આ ઈનામ વિતરણ સમારોહ સે-૨૩ સ્થિત કડી કેમ્પસ ફાર્મસી કોલેજ બ્રહ્માણી કૃપા હોલમાં ૩૦મીએ સવારે ૯ કલાકે યોજાશે. સમાજના આ કાર્યક્રમમાં જ્ઞાતિ સમાજના સર્વે પરિવારને પધારવા આયોજકોએ આમંત્રણ પાઠવ્યું છે.

## ટીબી નાબુદી માટે શહેરના તબીબોને જાગૃત કરાયા

### ઈન્ડિયન મેડીકલ એસોસિએશન આયોજિત કાર્યક્રમમાં જિલ્લા ક્ષય અધિકારી ડૉ. મીના ચૌહાણે માર્ગદર્શન પુરું પાડયું

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરમાં ઈન્ડિયન મેડીકલ એસોસિએશન દ્વારા જિલ્લા ક્ષય વિભાગના સહકારથી તા. ૨૭મી સપ્ટેમ્બર ગુરુવારે કુડાસણમાં મિડલટાઉન હોટલ ખાતે ટીબી નિર્મૂલન માટે માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત શહેરના અંદાજે ૭૫ જેટલા તબીબોને જિલ્લા ક્ષય અધિકારી ડૉ. મીના ચૌહાણે માર્ગદર્શન પુરું પાડયું હતું. કાર્યક્રમમાં આઈએમએના પ્રેસિડેન્ટ ડૉ. અનિલ ચૌહાણે પણ પ્રસંગોચિત ઉદબોધન કર્યું હતું.

ઈન્ડિયન મેડીકલ એસોસિએશન ભારતમાં ટીબી નિર્મૂલન માટે કાર્યરત છે. આ અંતર્ગત ગાંધીનગરમાં આયોજિત તબીબો માટેના કાર્યક્રમમાં ડૉ. મીના ચૌહાણે માહિતી આપતા જણાવ્યું હતું કે ટીબીને સંપૂર્ણ રીતે મટાડવા માટે દર્દીને રૂ. ૧૮ લાખ



સુધીની કિંમતની દવાઓની જરૂર પડે છે. જે સરકાર દ્વારા સંપૂર્ણપણે વિના મૂલ્યે આપવામાં આવે છે. તેનો ખર્ચ સરકાર ભોગવે છે. આ સાથે તેમણે શહેરના તબીબોને ક્ષય રોગ નાબુદી માટે તેમનું યોગદાન આપવા પ્રેરિત કર્યા હતા. આ કાર્યક્રમમાં તબીબોને સરકાર દ્વારા માર્ચ માસમાં ગેઝેટસમાં સુધારો કરી નવો ગેઝેટસ બહાર પાડવામાં આવ્યો છે તે અંગે માહિતી પ્રદાન કરવામાં આવી હતી. જેમાં ગંભીર ચેપી રોગો અંગે દાખવવામાં આવતી બેદરકારી બદલ સજાની જોગવાઈથી માહિતગાર કરવામાં આવ્યા હતા.

## સેકટર-૧૭/૨૨ પંડિત પાન પાર્લરમાંથી ૧ લાખની મત્તાની ચોરી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરના સે-૧૭/૨૨ ખાતે આવેલ પંડિત પાન પાર્લરમાંથી ચોરીની ઘટના બની છે. તસ્કરોએ બંધ પાર્લરનું મોડી રાત્રે શટર તોડી દુકાનમાંથી રૂ. ૧ લાખની કિંમતની ચીજવસ્તુઓ અને રોકડ લઈ ગુમ થઈ ગયા હતા. આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

આ ઘટનાની વિગત એવી છે કે શહેરના ભરચક વિસ્તાર એવા સે-૧૭/૨૨ પાસે પંડિત પાન પાર્લર આવેલું છે. દુકાનન માલિક મોડી રાત્રે દુકાન બંધ કરી ઘરે ગયા હતા. આ દરમિયાન અંધારાનો લાભ લઈ તસ્કરોએ દુકાનનું શટર તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને અંદર રહેલી ૨૦ કિલો સોપારી, સિગરેટ, ટીવી અને રોકડ મળી રૂ. ૧ લાખની ચીજ વસ્તુઓની ચોરી કરી ગયા હતા. આ મામલે સવારે માલિકન જાણ થતા તેમણે પોલીસને જાણ કરી હતી આથી પોલીસે ઘટના સ્થળે આવી ચોરીનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## વાવોલની ગ્રીનસીટી સોસાયટીમાં ભજન સંધ્યા યોજાશે

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર નજીકના વાવોલ ગામે સ્થિત ગ્રીનસીટી સોસાયટીમાં ૩૦મી સપ્ટેમ્બર ૨૦૧૮ને રાત્રે ૯ કલાકે ભજન સંધ્યાનો કાર્યક્રમ યોજાશે. જાહેર જનતાને આ ભજન સંધ્યાનો લાભ લેવા પધારવા આયોજકોએ આમંત્રણ પાઠવ્યું છે.

## આ વર્ષે ટ્રેડિશનલ ચણિયાચોળીમાં વેસ્ટર્ન કોમ્બીનેશનનું ફયુઝન ધૂમ મચાવશે

### ટુ લેયર્સ, હાફલેયર્સ, ડિઝીટલ પ્રિન્ટ, ઓરગૉન્ઝા પ્રિન્ટ, ફેસ પ્રિન્ટ ઈન ડીમાન્ડ જવેલરીમાં પણ ઓકસોડાઈઝના બદલે ઉન, કાગળ, પોમપોમનો ઉપયોગ



ગાંધીનગર, તા.૨૮

નવલી નવરાત્રિના પડઘમ વાગવા લાગ્યા છે અને મન મૂકીને ગરબે ઘૂમવા શહેરનું યુવા ધન થનગની રહ્યું છે. નવરાત્રિ એ ખાસ કરીને યુવતિઓ માટે સાજ-શણગારનું પર્વ છે. જેમાં પરંપરાગત વસ્ત્રો પહેરીને ગરબા રમવાનું દરેક યુવતિ પસંદ કરે છે. આ વર્ષે શહેરમાં પરંપરાગત વસ્ત્રોમાં વેસ્ટર્ન કોમ્બીનેશન સાથેનું ફયુઝન ઈન ડિમાન્ડ જોવા મળી રહ્યું છે.

નવરાત્રિના નવ દિવસ જુદી જુદી ભાતની ચણિયાચોળી પહેરવીએ ખેલૈયા યુવતિઓના મનના ઓરતા હોય છે. અત્યાર સુધી ચણિયાચોળી અને કેડિયામાં ફકત કોડીઓ, આભલાં, કાચ, મોતી વગેરેના ભરતકામ પ્રચલિત છે. પરંતુ આ વર્ષે યુવતિઓમાં બોલીવુડ સ્ટાઈલ વેસ્ટર્ન કોમ્બીનેશન વાળી ચણિયાચોળી પ્રચલિત બની રહી છે. શહેરના યુવા ફેશન ડિઝાઈનર પ્રાચી મહેતાના જણાવ્યા અનુસાર આ વર્ષે ચણિયાચોળીમાં ટુ લેયર્સ, હાફલેયર્સ, ડિઝીટલ પ્રિન્ટ, ઓરગૉન્ઝા પ્રિન્ટ, ફેસ પ્રિન્ટ ઉપરાંત કચ્છી પેચવાળી ચણિયાચોળીનો ટ્રેન્ડ વધુ જોવા મળી રહ્યો છે. ઉપરાંત ઘરેણામાં ઓકસોડાઈઝના બદલે હવે ઉનના દોરા, પોમપોમ, કાગળ, પ્લાસ્ટિકના મોતી, ઝૂમખા વગેરેના ઉપયોગ આકર્ષક લાઈટ વેઈટ જવેલરી વધુ પસંદગી પામી રહી છે. ચણિયાચોળીને વધુ આકર્ષક બનાવવા સાથે વિવિધ લટકણનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં હવે પોટલી, પેચ, લાકડા કે કાપડમાંથી બનાવાયેલા મોર, પોપટ, ચકલી વગેરેના ટેસલનો ઉપયોગ કરવામાં આવે છે.

ફેશન ડિઝાઈનર પ્રાચી મહેતા દ્વારા શહેરની આધુનિક વિચારસરણી ધરાવતી યુવતિઓ માટે બદલાતી જતી ડિઝાઈન તથા નવી પેટર્ન મુજબ આકર્ષક ચણિયાચોળી ડિઝાઈન કરવામાં આવી છે જેમાં આ વર્ષે ચલણમાં આવેલ વેસ્ટર્ન કોમ્બીનેશન સાથેનું ફયુઝન નવરાત્રિમાં ધૂમ મચાવશે તેવું તેમનું માનવું છે.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર રઈબેન ચૂંથાજી, ઉ.વ. ૭૨
- સ્વ. રાવલ કનૈયાલાલ ચંદુલાલ, ઉ.વ. ૩૩
- સ્વ. પટેલ લીલાબેન નાગરભાઈ, ઉ.વ. ૬૬
- સ્વ. વાઘેલા રાજેન્દ્રસિંહ જુગાજી, ઉ.વ. ૫૫
- સ્વ. ધીરજલાલ હિરાભાઈ વાઘેલા, ઉ.વ. ૬૭